For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in



**સુરતીઓને દુઃખ અને દર્દ બાદ હવે રાહત થવાની સંભાવના, કાદરશાની નાળથી ડ્રીમ સિટીનો રૂટ તૈયાર**

# મનપાની ચૂંટણી પહેલા ટ્રાયલ, મેટ્રોના 3 કોચ આવી ગયા

**અલથાણથી** ડ્રીમ સિટી વચ્ચે મેટ્રોનો ટ્રાયલ રન થશે, તમામ કોચને ડ્રીમ સિટીના ડેપોમાં મૂકવામાં આવ્યા

સુરત : જેને કારણે સુરતીઓએ ઘણું સહન કર્યું અને હવે આતુરતાથી જેની રાહ જોઈ રહ્યા છે તેવો સુરતનો મેટ્રો પ્રોજેક્ટ તેના અંતિમ ચરણ તરફ આગળ વધી રહ્યો છે. 12000 કરોડના ખર્ચે સાકાર થઇ રહેલા સુરતના ડ્રીમ પ્રોજેક્ટ એવી મેટ્રો રેલનું કામ

...અનુસંધાન પાના 5 પર

### મેટ્રો કોચને એસેમ્બલ કરવા માટે કંપનીના ઈજનેરો પણ આવ્યા

તાજેતરમાં રાજ્ય સરકારે સુરત માટે 24 મેટ્રો ટ્રેન સેટ ફાળવવાની જાહેરાત કર્યા બાદ મંગળવારે પહેલી મેટ્રો ટ્રેનના સેટ સાથે પશ્ચિમ બંગાળ સ્થિત મેટ્રો ટ્રેન બનાવનાર કંપનીના એન્જિનિયરો પણ આવી પહોંચ્યા છે. આ અધિકારીઓ તેમજ મેટ્રોના

...અનુસંધાન પાના 5 પર

### આઠ માસમાં કુલ 72 કુલ કોચ સુરત આવી જશે

મેટ્રો રેલના સુત્રોના જણાવ્યા મુજબ સુરત મેટ્રોના ફેઝ-1 એટલે કે સરથાણાથી ડ્રીમ સિટી માટે કુલ 72 કોચનો ઓર્ડર આપવામાં આવ્યો છે. ત્રણ કોચની એક ટ્રેન એમ કુલ 24 ટ્રેન સેટ બનશે. હવે પછી તબક્કાવાર આઠ માસમાં બાકીના ટ્રેન સેટ સુરત પહોંચી જવાની શક્યતા છે.

### હુગલીથી સડક માર્ગે સુરત પહોંચ્યા

સુરત મેટ્રો માટેના મેટ્રો રેલના કોચ વેસ્ટ બંગાળના હુગલી જિલ્લા સ્થિત ઉતરપારા પ્લાન્ટ સ્થિત 'ટીટાગઢ રેલ સિસ્ટમ્સ' નામની કંપની દ્વારા તૈયાર કરવામાં

...અનુસંધાન પાના 5 પર

### કોચની અંદર-બહાર સુરતની સંસ્કૃતિ-ઉદ્યોગોનું ઈન્ટિરિયર

સુરત મેટ્રો રેલના કોચ ગુજરાત અને સુરતની સંસ્કૃતિ અને સુરતની ઓળખ સમાન ઉદ્યોગોને ધ્યાને રાખીને ઇન્ટિરિયર કરવામાં આવનાર છે. ડાયમંડ શેપ, ગરબા, ટેક્ષટાઇલ ઉદ્યોગ વગેરેની થીમ સાંકળી લેવાય તેવું આયોજન ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન દ્વારા કરવામાં આવી રહ્યું છે.

### ડ્રાઇવર વગર 80 કિ.મી.ની સ્પીડથી મેટ્રો દોડશે

સુરત મેટ્રો ટ્રેનની વિશેષતા એ છે કે, દરેક ટ્રેન 3 કોચની બનેલી હશે. ટેકનોલોજી એવી છે કે આ ડ્રાઇવરલેસ ટ્રેન ઓપરેશન સીસ્ટમથી ચાલશે અને તેની ગતિ પ્રતિ કલાક 80 કિ.મી.ની હશે. તમામ ટ્રેનો

...અનુસંધાન પાના 5 પર


# દ.ગુ.માં કોસ્ટલ હાઈવે, રસ્તા 4-6 માર્ગીય થશે

**દ.ગુ.** માં ઈકોનોમિક રિજિયનના રસ્તાનાં કામો માટે સરકાર દ્વારા રૂપિયા 1135 કરોડ મંજૂર કરવામાં આવ્યા

**ટ્રાફિકના** ભારણને ઘટાડવા માટે દ.ગુ. માં અનેક જગ્યાએ બાયપાસ રોડ પણ બનાવાશે

સુરતઃ સુરત સહિત દક્ષિણ ગુજરાતને આગામી દિવસોમાં ઈકોનોમિક રિજિયન તરીકે વિકસાવવામાં આવશે. જેમાં દક્ષિણ ગુજરાત સુરત, નવસારી, તાપી, વલસાડ અને ડાંગ જિલ્લાોમાં કોસ્ટલ હાઈવેથી માંડીને હેરિટેજ અને ઈકો ટુરિઝમને પ્રોત્સાહન આપવા માટે રસ્તાઓ પહોળા કરી ચાર અને છ માર્ગીય કરવા ઉપરાંત ટ્રાફિકના ભારણને ઘટાડવા માટે નવા બાયપાસ

...અનુસંધાન પાના 5 પર



### કોસ્ટલ હાઇવે બનશે પ્રવાસન માટે ગેમચેન્જર

દક્ષિણ ગુજરાતના દરિયા કાંઠાના વિસ્તારોને વધુ સગવડભર્યા બનાવવા માટે ઉમરગામથી નારાયણ સરોવર સુધી ૧૦ મીટર પહોળો કોસ્ટલ હાઇવે બનાવવામાં આવશે. વલસાડ જિલ્લામાં ઉમરસાડીથી કોલક નદી પર કોસ્ટલ હાઇ-વે માટે કોઝ-વે બનાવાશે. હાલનો 10 મીટર પહોળો રસ્તો વધારીને ફોર-લેન બનાવાશે. આ રસ્તો દમણ, ઉદવાડા અગિયારી અને ઉમરસાડી વોક-વે બ્રિજ જેવાં પ્રવાસન સ્થળોને જોડતો અગત્યનો માર્ગ બનશે.

### હેરિટેજ અને ઇકો-ટુરિઝમને મળશે પ્રોત્સાહન

દાંડીકૂચના અહમદાવાદ-દાંડી હેરિટેજ રૂટને પહોળો કરવામાં આવશે. સાથે સાથે ઐતિહાસિક માર્ગોને પણ અપગ્રેડ કરવામાં આવશે. કદરામા, એરથાણ, ટકરામા, ભટગામ, મોહમ્મદપુરા, ગોલા અને સાંધિયેર જેવાં ગામોને જોડતો આ માર્ગ હાલના 3 મીટરથી વધારીને 7 મીટર પહોળો કરવામાં આવશે. આથી ટ્રાફિકનું ભારણ ઘટશે.

### સુંવાલી બીચ ઉપરાંત ચીખલી, વઘઈના માર્ગો ચાર લેન કરાશે

સુરત નજીક આવેલા સુંવાલી બીચને જોડતાં માર્ગો છ લેનના કરાશે. ચીખલીથી ખેરગામ થઈ ધરમપુર જતા માર્ગને ચાર માર્ગીય બનાવવાની કામગીરી હાથ ધરાશે. વઘઈથી આહવાના માર્ગને ચાર માર્ગીય કરાશે. ચીખલી-ખેરગામ-ધરમપુર માર્ગના વિકાસથી ધરમપુર અને વિલ્સન હિલ જેવા સ્થળો પ્રવાસીઓ માટે વધુ સુલભ બનશે.

### મુખ્યમંત્રીની નાણાં ફાળવણીથી સમગ્ર દ.ગુ.ને લાભ થશે: પૂર્વ મંત્રી મુકેશ પટેલ



ઓલપાડ તાલુકાના ધારાસભ્ય અને પૂર્વ મંત્રી મુકેશ પટેલએ જણાવ્યું હતું કે, રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા નાણાંની ફાળવણી કરવાના આ નિર્ણયથી સુરત સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતને

...અનુસંધાન પાના 5 પર

### ભરૂચથી સુરતના કોસ્ટલ હાઈવેને પણ મંજૂરી

ભરૂચઃ ગુજરાતના ઔદ્યોગિક દરિયાકાંઠાને નવી ઓળખ આપતા ભરૂચ અને સુરત જિલ્લાનાં મુખ્ય બંદરો વચ્ચે લોજિસ્ટિક્સ કનેક્ટિવિટીને મજબૂત બનાવવા માટે એક નવા કોસ્ટલ હાઇવેને મંજૂરી આપવામાં આવી છે. આશરે

...અનુસંધાન પાના 5 પર

**મિડલ ઈસ્ટ યુદ્ધ બાદ સર્જાયેલી કટોકટી વચ્ચે જિલ્લા પુરવઠા વિભાગ સક્રિય થયો**

# ગેસ અછત: 75 એજન્સીઓની જવાબદારી ના.મા.-તલાટીઓને સોંપાઇ

**સુરતમાં** 55 અને જિલ્લામાં 20 જેટલી ગેસ એજન્સીઓ પર હવે તંત્રની કડક નજર

**ગેસના** કાળાબજાર કરનાર એજન્સી સામે કડક કાર્યવાહી કરવામાં આવશે

સુરતઃ મિડલ ઈસ્ટ દેશોમાં ચાલી રહેલા યુદ્ધના પરિણામે ગેસ પુરવઠા પર અસર પડતા શહેરમાં કટોકટી જેવી સ્થિતિ સર્જાઈ હતી, જેને ધ્યાનમાં રાખીને જિલ્લા પૂરવઠા વિભાગે કડક પગલાં લીધા છે. 75 ગેસ એજન્સીઓની જવાબદારી નાયબ મામલતદાર અને તલાટીઓને સોંપાઈ છે.

તંત્ર દ્વારા ગેસ વિતરણ પ્રક્રિયામાં પારદર્શિતા અને નિયમિતતા લાવવા માટે મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો

...અનુસંધાન પાના 5 પર

### સચિનમાં ગેરકાયદે ગેસ રિફિલિંગ, મહિલા સહિત ત્રણ ઝડપાયાં

**મોટા** સિલિન્ડરથી નાની બોટલમાં ગેસ ભરી વેચાણ કરાતું હતું, ત્રણ અલગ ગુના નોંધાયા

સુરતઃ હાલમાં એક તરફ ગેસની અછત છે અને બીજી તરફ ગેસના કાળાબજાર કરતા તત્વો સામે તંત્ર દ્વારા લાલ આંખ કરવામાં આવી છે. સચીન પોલીસે ગેરકાયદે રીફિલિંગ કરતાં ત્રણને મુદ્દામાલ સાથે પકડી પાડ્યા છે. ત્રણેય સામે અલગ અલગ ત્રણ ગુના નોંધવામાં આવ્યા છે.m સુરત શહેર પોલીસ કમિશનર અનુપમસિંહ ગહલૌત દ્વારા શહેરમાં જોખમી અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે કડક પગલાં લેવા માટે તમામ પોલીસ સ્ટેશનોને સૂચનાઓ આપવામાં આવી હતી. ખાસ કરીને ગેસ સિલિન્ડર સાથે બેદરકારીપૂર્વક રીફિલિંગ જેવી પ્રવૃત્તિઓને અટકાવવા માટે ખાસ અભિયાન હાથ ધરાયું છે.આ સુચનાઓના આધારે સચીન પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટર પી.એન. વાઘેલાના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્ટાફ સક્રિય બન્યો હતો. પોલીસ ટીમ વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન હતી ત્યારે બાતમી મળી હતી કે કેટલાક ઇસમો ગેરકાયદેસર રીતે ઘરેલુ ગેસ સિલિન્ડરમાંથી નાની બોટલોમાં ગેસ ભરી વેચાણ કરી રહ્યા છે.બાતમીના આધારે પોલીસ ટીમે તાત્કાલિક કાર્યવાહી ગોઠવી અને સચીન વિસ્તારમાં દરોડો પાડી આરોપીઓને રંગેહાથ ઝડપી પાડ્યા હતા. તપાસ દરમ્યાન જાણવા મળ્યું કે આરોપીઓ મોટા લાલ કલરના ગેસ સિલિન્ડરમાંથી એલ્યુમિનિયમની પાઇપ અને વાલ્વના કનેક્શન દ્વારા નાની બોટલોમાં ગેસ ભરી તેને વેચતા હતા. આ પ્રક્રિયા અત્યંત જોખમી હોવા છતાં આરોપીઓ માત્ર આર્થિક ફાયદા માટે આ પ્રવૃત્તિ કરતા હતા.

...અનુસંધાન પાના 5 પર

# ચાર શ્રમિકોનો ભોગ લેનારી પારસ મિલનું વીજકનેક્શન કાપવા આદેશ

**જીપીસીબીએ** તાત્કાલિક અસરથી કનેક્શન કાપી નાંખવા માટે વીજ કંપનીને કાગળ મોકલ્યો

સુરતઃ શહેરના પાંડેસરા વિસ્તારની પારસ ડાંઇગ મિલમાં ચાર મજૂરોના મોતને પગલે જીપીસીબીના ક્લોઝર બાદ આજે વીજ કંપનીને કાગળ લખી વીજ કનેક્શન કટ કરવા જાણ કરી દેવાઇ છે.

શહેરના પાંડેસરા વિસ્તારની પારસ ડાંઇગ મિલમાં ગયા સપ્તાહમાં ઇનફ્લુએન્ટ ટેન્ક સાફ કરતી વખતે ચાર મજૂરોના મોત નિપજ્યા હતા. આ ઘટનામાં પાંડેસરા પોલીસે પારસ ડાંઇગ મિલના માલિકોને આરોપી બનાવવાને બદલે તેમને આબાદ બચાવી લીધા હતા. આ મામલ પાટનગરમાં ઉચ્ચ સ્તરે પણ પહોંચી ગયો છે. પાંડેસરા પીઆઇ ક્લીયર કટ માનવ લાપરવાહીથી મોત છતાં મૂડીપતિ મનિષ જૈનને છટકી જવા તક આપી છે. આ મામલે ગુજરાત પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડએ પારસ ડાંઇગ મિલને

...અનુસંધાન પાના 5 પર

### પારસ ડાઇંગ મિલના માલિકોને બચાવવા કેટલાક લેભાગુઓ મેદાનમાં

પાંડેસરાની પારસ ડાંઇગ મિલમાં ચાર મજૂરોના કરૂણ મોતની ઘટનામાં મૃતક કામદારોને ન્યાય અપાવવાને બદલે કેટલાંક દલાલો મડદા ઉપર દલાલી કરવા નીકળી પડયા છે. કામદારોના પરિવારને ન્યાય અને વળતર મળે તે માટે કોશિશ કરી મિલ માલિકો સામે મોરચો ખોલવાને બદલે પાંડેસરા જીઆઇડીસીમાં પેદા પડેલા દલાલો ભૂંડી ભૂમિકા ભજવી રહયા છે. પાંડેસરા જીઆઇડીસીમાં કેટલાંક તત્વો પોલીસ અને સરકારી તંત્રથી બચાવવા માટે મિલ માલિકો સાથે બંધબારણે ગોઠવણ કરી રહયા હોવાની પણ ચર્ચા ઉઠી છે.

### પારસ ડાઈંગના સંચાલકો સાથે સંકળાયેલી એસ.ડી. જૈન સ્કૂલની જમીનનો વિવાદ પણ સપાટી પર આવ્યો




પારસ ડાંઇગના મિલ માલિકો સાથે સંકળાયેલા શૈક્ષણિક સંસ્થાઓમાં પણ અનેક વિવાદો થયા હતા. કહેવાય છે કે વેસુ સ્થિત એસ.ડી. જૈન સ્કૂલની જમીનનો પણ ભારે વિવાદ ચાલી રહ્યો છે. ભારતીય નૌકાદળના એક માજી સૈનિક અને તેમની બહેનોનો હિસ્સો બારોબાર ગપચાવી આ જમીન બોગસ પેઢીના આધારે તબદીલ થઈ હોવાની હકીકત બહાર આવી છે. હાલ આ મામલો ન્યાયપાલિકાઓમાં ગાંજી રહ્યો છે, જેમાં આવનાર દિવસોમાં નવા જૂની થવાના એંધાણ વર્તાઈ રહ્યા છે.

# GI ટેગ: સુરતમાં તૈયાર થતાં ડાયમંડ 'સુરત કટ ડાયમંડ' તરીકે ઓળખાશે

**સુરત** સહિત ગુજરાતમાં તૈયાર થતા પોલિશ્ડ ડાયમંડને અલગ ઓળખ મળતાં સુરત ડાયમંડ એસોસિએશનનો આવકાર

સુરતઃ સુરત ડાયમંડ એસોસિએશન દ્વારા EDIIના સહયોગથી સુરત અને સમગ્ર ગુજરાતમાં તૈયાર થતાં ડાયમંડને 'સુરત કટ ડાયમંડ' નામથી GI ટેગ મળતાં સમગ્ર ડાયમંડ ઈન્ડસ્ટ્રીમાં ખુશીનો માહોલ છવાયો છે. હવે પછી સુરત સહિત ગુજરાતમાં તૈયાર થતાં કટ એન્ડ પોલિશ્ડ ડાયમંડને મળી વૈશ્વીક ઓળખ સાથે કાનૂની સુરક્ષા પણ મળશે.

સુરત ડાયમંડ એસોસિએશનના પ્રમુખ જગદીશ ખૂંટ અને મંત્રી ધીરુભાઈ સવાણીએ જણાવ્યું હતું કે, સુરત ડાયમંડ ઈન્ડસ્ટ્રીને મળી ખૂબ મોટી સફળતા મળી છે. સુરત અને ગુજરાતમાં તૈયાર થયેલા હીરાને 'સુરત કટ ડાયમંડ'નું પ્રમાણપત્ર આપી વિશ્વમાં વેચી શકાશે. સુરતનો ડાયમંડ ઉદ્યોગ વૈશ્વિક બજારમાં મહત્ત્વપૂર્ણ સ્થાન ધરાવે છે અને ભારતના લગભગ 90% પોલિશ્ડ ડાયમંડનું ઉત્પાદન કરે છે. GI ટેગની ઓળખ દ્વારા પ્રદેશની કુશળ કારીગરી અને વારસાને માન્યતા આપવા માટે એક મહત્ત્વપૂર્ણ સિદ્ધિ છે.

તા.૧૩-૩-૨૦૨૬ના રોજ Entrepreneurship Development Institute of India (EDII) દ્વારા અમદાવાદ ખાતે Geographical Indication (GI TAG)નું સર્ટિફિકેટ એનાયત કરવા માટે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં પ્રો.ડો.ઉન્નત પંડિતજી, કન્ટ્રોલર જનરલ ઓફ પેટન્ટ્સ, ડિઝાઈન્સ એન્ડ ટ્રેડ માર્ક્સ (CGPDTM), DPIIT, ભારત સરકાર અને ડો.સુનીલ શુક્લા,

...અનુસંધાન પાના 5 પર



### સુરત સહિત ગુજરાતમાં તૈયાર થતા હીરાને GI ટેગ મળવાથી ફાયદા

- GI ટેગ જે-તે વસ્તુની વિશેષ ગુણવત્તા અને સ્પેશિયાલીટી, યુનિકનેસ દર્શાવે છે.
- GI ટેગ પ્રાપ્ત થતાં જ વસ્તુને વિશેષ ઓળખ તો મળે જ છે, પણ સાથે સાથે તેને કાનૂની સુરક્ષા પણ મળી જાય છે.
- GI ટેગ પ્રાપ્ત થતાં વસ્તુને બનાવનાર એટલે કે ઉત્પાદકોને આર્થિક રીતે ઘણો ફાયદો થાય છે. વસ્તુની માંગ વધે છે તેમજ એનું વેચાણ રાજ્ય, દેશ અને આંતરરાષ્ટ્રીય સ્તરે ફેલાય છે.



**હોળી રજાને કારણે બદલાયેલા પરીક્ષા શેડ્યુલ બાદ**

# નામાનાં મૂળતત્ત્વોનું પેપર સરળ રહેતા વિદ્યાર્થીઓને રાહત

**પાઠ્યપુસ્તક** આધારિત અને સરળ પ્રશ્નપત્ર, સ્કોરિંગ વિષયમાં ઊંચા ગુણોની અપેક્ષા

સુરતઃ ધોરણ 12 સામાન્ય પ્રવાહના 'નામાનાં મૂળતત્વો' વિષયની પરીક્ષા હોળી-ધુળેટીની રજાને કારણે અંતમાં લેવામાં આવી હતી. પરીક્ષા વચ્ચે મળેલી રજાને કારણે વિદ્યાર્થીઓને તૈયારી માટે પૂરતો સમય મળ્યો હતો. પરિણામે વિદ્યાર્થીઓ આત્મવિશ્વાસ સાથે પરીક્ષા આપી શક્યા અને પેપર સરળ નીકળતા વિદ્યાર્થીઓએ આનંદનો હાશકારો લીધો હતો.

મળતી માહિતી મુજબ આખું પ્રશ્નપત્ર પાઠ્યપુસ્તક આધારિત હતું. અભ્યાસક્રમ લાંબો હોવા છતાં પ્રશ્નપત્રમાં હેતુલક્ષી પ્રશ્નો તથા હવાલાઓની ગણતરી સરળ રીતે પૂછવામાં આવી હતી. જેના કારણે મોટા ભાગના વિદ્યાર્થીઓ સમયસર પોતાનું પેપર પૂર્ણ કરવામાં સફળ રહ્યા હતા. 'નામાનાં મૂળતત્વો' વિષયને સ્કોરિંગ વિષય માનવામાં આવે છે. તેથી વિદ્યાર્થીઓ આ વિષયમાં વધુ ગુણ મેળવવાની આશા વ્યક્ત કરી રહ્યા છે. શિક્ષકો અને શિક્ષણવિદોનું માનવું છે કે આ વિષયમાં સારા પરિણામો વિદ્યાર્થીઓની કુલ

...અનુસંધાન પાના 5 પર

# સુરતમાં કમોસમી હળવા ઝાપટાં પડ્યાં

**તા.19-20ના** રોજ માવઠાની આગાહીથી ખેડૂતો ચિંતામાં

**પવનને** કારણે લોકોને ગરમીમાંથી રાહત

સુરતઃ સુરત શહેરમાં આજે હવામાનમાં થોડો ફેરફાર નોંધાયો હતો. મળસ્કે હળવા ઝાપટા પડયા હતા. જેને કારણે વહેલી સવારે વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. મહત્તમ તાપમાન અડધો ડિગ્રી વધીને ૩૨.૯ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચ્યું હતું, જ્યારે લઘુત્તમ તાપમાન ગઈકાલ જેટલું જ ૨૧.૯ ડિગ્રી સેલ્સિયસ યથાવત રહ્યું હતું.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ તાપમાનમાં મોટા ફેરફાર ન હોવા છતાં હવામાં ભેજનું પ્રમાણ ૫૩ ટકા નોંધાયું હતું, જેના કારણે વાતાવરણમાં થોડો ભેજ અનુભવાયો હતો. શહેરમાં દક્ષિણ-પશ્ચિમ દિશાથી આશરે ૮ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાતો રહ્યો હતો. પવનની ગતિને કારણે ગરમીમાં થોડી રાહતનો અનુભવ થયો હતો, ખાસ કરીને બપોર બાદના સમયગાળામાં શહેરીજનોને આંશિક ઠંડકનો અહેસાસ થયો હતો. હવામાન વિભાગ દ્વારા ૧૯ તારીખે સુરત સહિત દક્ષિણ ગુજરાતના વિસ્તારોમાં માવઠાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. આ આગાહીને પગલે ખાસ કરીને ખેડૂતોમાં ચિંતા વધી છે, કારણ કે આ સમયગાળા દરમિયાન પાક તૈયાર થવાના તબક્કામાં હોય છે. અચાનક વરસાદથી ખેતીને નુકસાન થવાની ભીતિ વ્યક્ત કરવામાં આવી રહી છે. છેલ્લા કેટલાક દિવસોની

...અનુસંધાન પાના 5 પર

### પાકના ઢગલાની આસપાસ પાળો બનાવવા અનુરોધ

સુરતઃ આઈએમડી દ્વારા રાજ્યમાં તા. 18 થી 21 માર્ચ દરમિયાન કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે. આ દરમિયાન સુરત સહિત નર્મદા, ભરૂચ, ડાંગ અને તાપી જિલ્લામાં છૂટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદ વરસવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. હવામાનમાં અચાનક ફેરફારને ધ્યાનમાં રાખીને ખેડૂતમિત્રોને પાકના રક્ષણ માટે જરૂરી તકેદારીના પગલાં લેવા અનુરોધ કરવામાં આવ્યો છે. ખેતરમાં કાપણી કરેલ પાક ખુલ્લો હોય તો તેને તાત્કાલિક સલામત સ્થળે ખસેડવો અથવા પ્લાસ્ટિક કે તાડપત્રીથી ઢાંકી દેવું જરૂરી છે. સાથે જ પાકના ઢગલાની આસપાસ માટીનો પાળો બનાવી વરસાદી પાણી અંદર ન જાય તેની કાળજી રાખવી. વધુમાં, આ સમયગાળા દરમિયાન જંતુનાશક દવા અને ખાતરનો ઉપયોગ ટાળવો તથા ખાતર અને બિયારણનો જથ્થો ભીનો ન થાય તે માટે સુરક્ષિત રાખવો જરૂરી છે. એગ્રીકલ્ચર પ્રોડ્યૂસ માર્કેટ કમિટીમાં વેપારીઓ અને ખેડૂતોએ અનાજ અને ખેતપેદાશોને ઢાંકી રાખવા અથવા શેડ નીચે સંગ્રહ કરવાની સલાહ આપવામાં આવી છે અને હાલ માટે વેચાણ માટે માલ લાવવાનું

...અનુસંધાન પાના 5 પર


**અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા**

**ફિક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧**

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફિક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹૪૫૦૦/- | ₹૩૦૦૦/- | ₹૫૨૦૦/- |

(+GST EXTRA)

ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦




**પાંચમી પુણ્યતિથીએ શ્રધ્ધાંજલિ**

વ્હાલા દિકરા પાર્થ,
જીવ્યો થોડું જીતી ગયો ઘણું, ન જાણ્યું જાનકી નાથે સવારે શું થવાનું છે, નોતી ખબર અમને કે આટલું વહેલું તારે જવાનું છે, જગતમાં કોઈ અમર રહેતું નથી, પણ તું ગયો તે રીતે કોઈ જતું નથી, તારી અણધારી વિદાય કુટુંબ ઉપર વ્રજઘાત બની ગઈ. પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

**સ્વ.પાર્થ કેતનભાઈ પટેલ**
સ્વ.તા.:૧૮/૦૩/૨૦૨૧

લિ.
દાદા – દાદી
પપ્પા – મમ્મી
ભાઈઓ – બહેન
ફોઈ